# બાપુ નોલેજ વિલેજમાં એક હજારથી વધુ વિદ્યાર્થીઓ "કલાકુંભ" આનંદોત્સવ ઉજવશે

## મંગળવારે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિહ વાઘેલા ગુજરાત યુનિવર્સિટીના ઉત્તર વિભાગના બે દિવસીય યુવક મહોત્સવનો શુભારંભ કરાવશે : ૩૭ કોલેજના આશરે ૧૦૮૦થી વધુ વિદ્યાર્થીઓ કુલ ૩૨ સ્પર્ધાઓમાં ટકરાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના વાસન ખાતે બાપુ ગુજરાત નોલેજ વિલેજમાં આગામી તા.૧૩ અને ૧૪ સપ્ટેમ્બર દરમ્યાન શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના યજમાન પદે ગુજરાત યુનિવર્સિટીના એલિસબ્રિજ ઉત્તર વિભાગનો યુવક મહોત્સવ-૨૦૨૨ "કલાકુંભ - સૌંદર્યની અભિવ્યક્તિનો આનંદોત્સવ" ઉજવાશે જેનો શુભારંભ તા.૧૩મી સપ્ટેમ્બરના રોજ સવારે ૯ કલાકે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના હસ્તે કરવામાં આવશે. કલાકુંભમાં ૩૭ કોલેજના આશરે ૧૦૮૦થી વધુ વિદ્યાર્થીઓ કુલ ૩૨ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહ્યાં છે જેઓ સવારે ૭ કલાકે વાસણિયા મહાદેવથી વિવિધ ટેબ્લો સાથે રંગારંગ માર્ચ પાસ્ટ કરીને ૯ વાગે બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસમાં પંહોચશે.

કલાકુંભ અંગે માહિતી આપતાં આજે આચાર્ય ડો. રવિન્દ્ર ગોળે જણાવ્યું હતું કે "કલાકુંભના શુભારંભ કાર્યક્રમના અધ્યક્ષ પદે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રો.ડૉ.હિમાંશુભાઈ પંડ્યા અને જાણીતા હાસ્ય કલાકાર, ચિંતક અને વક્તા ડૉ.જગદીશ ત્રિવેદી ઉપસ્થિત રહેશે. બે દિવસ ચાલનારા આ મહોત્સવમાં વિદ્યાર્થીઓ સાહિત્ય, ફાઈન આર્ટ્સ, સંગીત, નૃત્ય અને નાટ્ય એમ પાંચ વિભાગમાં વંહેચાયેલી કુલ ૩૨ સ્પર્ધાઓમાં ભાગ લેશે અને તેમની તમામ સુવિધાઓ યોગ્ય રીતે જળવાય એ માટે સંસ્થાના ૧૩૦ ફેકલ્ટીઝ અને ૨૦૦ જેટલાં યુવા વિદ્યાર્થિઓ સ્વયંસેવકો તરીકે ઈવેન્ટવાઈઝ કોઓર્ડિનેશન સાથે ખડે પગે સેવા આપશે. આ વિદ્યાર્થીઓ માટે રહેવા સહિતની તમામ સુવિધા કેમ્પસમાં જ કરવામાં આવી છે. કલાકુંભમાં વિવિધ કોલજોના ભાગ લેનારા આશરે ૧૦૮૦થી વધુ વિદ્યાર્થીઓમાં આશરે અડધોઅડધ યુવતીઓ ભાગ લઈ રહી છે. દરેક સ્પર્ધામાં પ્રથમ ૩ વિજેતાઓ જાહેર કરાશે જેઓ આગામી સમયમાં યુનિવર્સિટીની ઈન્ટર ઝોન સ્પર્ધામાં ભાગ લેશે. "કલાકુંભ"નો સમાપન સમારોહ તા.૧૪મી સપ્ટેમ્બરે સાંજે પાંચ કલાકે મુખ્ય મહેમાન પદે શંકરસિંહ વાઘેલા બાપુ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા સહિત ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. પિયુષ પટેલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલના મેમ્બર શ્વેતલ સુતરીયાની ઉપસ્થિતિમાં યોજાશે." આ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટર ડો.રવિકુમાર, મહોત્સવ સંયોજક વેદિકા શાહ, સ્પર્ધા સંયોજકો ડો.વિશાલ પટેલ, આકાશ મહેતા, કીનલ પટેલ, ભૂમિકા વ્યાસ તથા સમર્પણ કોલેજના આચાર્ય ડો.દીપક પંડ્યા અને સમર્પણ કેમ્પસના એન.એન.પટેલ, હેમાબેન ભટ્ટ સહિત અન્ય ફેકલ્ટીઝ ઉપસ્થિત રહ્યાં હતાં.



### પહેલીવાર ગરબા અને ભવાઇની અલગ સ્પર્ધાઓ યોજાશે

કલાકુંભના મહોત્સવ સંયોજક પ્રો.સમીર ભટ્ટે જણાવ્યું હતું કે "કોરોના કાળ પછી પહેલીવાર યોજાઈ રહેલા આ યુવક મહોત્સવ "કલાકુંભ"ની વિશેષતા એ રહેશે કે પહેલીવાર યુવક મહોત્સવ જેવી ઈવેન્ટમાં રાજ્યના ઉત્તમ કલાકારો નિર્ણાયક તરીકે સેવા આપશે. આ કલાકુંભમાં બે સ્પર્ધાઓ યુનિવર્સિટીના ઈતિહાસમાં પહેલીવાર અલગ કેટેગરીમાં યોજાઈ રહી છે જેમાં ગરબા સ્પર્ધા અને ભવાઈ સ્પર્ધા છે. અત્યાર સુધી ગરબા અને ભવાઈને નૃત્ય અને નાટ્ય કેટેગરીમાં સમાવી લેવામાં આવતી હતી જે આ વખતે અલગ અલગ સ્પર્ધા તરીકે યોજાશે".

## બે વર્ષ બાદ ગિયોડ શક્તિપીઠ અંબાજી મંદિરે માઈભક્તોનું માનવ મહેરામણ ઉમટ્યું



ચિલોડા, તા. ૧૦

શક્તિપીઠ મંદિર ગિયોડ અંબાજી ટ્રસ્ટ મીની અંબાજી તરીકે આસ્થાના પ્રતિક સમા ચિલોડા-હિંમતનગર હાઈવે-૮ પર આવેલું ગિયોડ સ્થિત અંબાજી મંદિરના ધામે ભાદરવી પૂનમે લાખો ભક્તજનોનો માનવ મહેરામણ પદયાત્રીઓ નરોડા, દહેગામ, પ્રાંતિજ અને માણસા, ગાંધીનગરથી ભક્તજનોનું ઘોડાપુર રાત્રે આવી પહોંચ્યુ હતુ. શ્રદ્ધાળુ પદયાત્રીઓએ માતાજીના દર્શનનો તથા આરતીનો લાભ લીધો હતો. અંબાજી મંદિરના મંત્રી હસમુખભાઈ પટેલ, વ્યવસ્થાપક વિનુભાઈ પટેલ, તમામ ટ્રસ્ટીઓ દ્વારા દર્શનાર્થીઓને કોઈ તકલીફ ન પડે તેવું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યવસ્થામાં આજુબાજુ ગામોના સ્વયંસેવકોએ નિષ્ઠાપૂર્વક ફરજ અદા કરી હતી. પોલીસકર્મી દ્વારા ચુસ્ત બંદોબસ્ત જાળવવા સુચારુ વ્યવસ્થાનું સુંદર ઉદ્દહારણ પુરૂ પાડ્યું હતું. બે વર્ષ બાદ ગિયોડ અંબાજી મંદિરે માનવ મહેરાણ ગત રાત્રીથી ચિલોડાથી ગિયોડ મંદિર સુધી બન્ને બાજુના રસ્તા પર ઘોડાપૂર ઉમટ્યું હતું. ભક્તજનો બોલ મારી અંબે જય જય અંબે ના નાદથી મંદિર સુધી ગાજી ઉઠ્યું હતું. રાત્રી દરમ્યાન સેવાભાવી લોકોએ ચિલોડાથી ગિયોડ સુધી સેવાકેન્દ્રો ઉભા કરી મનભેર પ્રસાદ, નાસ્તા-પાણીની જયાફત માણી હતી. માઈભક્તોએ માતાજીના દર્શન અને પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

## નેશનલ ગેમ્સમાં ગાંધીનગરના જય મહેતાની ટેકનીકલ ઓફીશીયલ તરીકે નિમણૂંક



ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજ્યના છ શહેરોમં આગામી તા. ૨૯ સપ્ટેમ્બરથી ૧૨ ઓક્ટોબર દરમ્યાન નેશનલ ગેમ્સનું આયોજન કરવામાં આવેલ છે. આ નેશનલ ગેમ્સની રાયફલ શૂટીંગની સ્પર્ધામાં ગાંધીનગરના જય મહેતાની ટેકનીકલ ઓફીશીયલ તરીકે નિમણૂંક 'ધ નેશનલ રાયફલ એસોસીએશન ઓફ ઈન્ડિયા' દ્વારા કરવામાં આવી છે. જય મહેતા રાયફલ શૂટીંગના ક્ષેત્રે ઉજજવળ કારકિર્દી ધરાવે છે. ઈન્ટરનેશનલ પ્લેયર, ઈન્ટરનેશનલ કોચ અને ઈન્ટરનેશનલ જ્યુરી એમ ત્રેવડી સિદ્ધિ હાંસલ કરનાર જય મહેતા ગુજરાત રાજ્યના સૌથી નાની વયના ટેકનીકલ ઓફીશયલ છે. જય મહેતા દેશના જુદા જુદા રાજ્યોની રાયફલ શૂટીંગ સ્પર્ધાઓમાં અનેકવાર ઓફીશીયલ તરીકે સેવાઓ આપી ચૂક્યા છે અને જ્યુરી તરીકેનો બહોળો અનુભવ ધરાવે છે. જુલાઈ-૨૦૨૨માં દિલ્હી ખાતે યોજાયેલ ઈન્ટરનેનલ શૂટીંગ સ્પોર્ટસ ફેડરેશન દ્વારા યોજાયેલ નેશનલ કોચીસ કોર્સમાં પણ ગુજરાત રાજ્યમાંથી રાયફલ ઈવેન્ટમાં એક માત્ર જય મહેતા પસંદગી પામ્યા હતા. જય મહેતાએ ગાંધીનગર સાથે સાથે ગુજરાત રાજ્યનું પણ ગૌરવ વધારેલ છે. હાલ જય મહેતાને નેશનલ ગેમ્સમાં ટેકનીકલ ઓફીશયલ તરીકે પસંદગી થવા બદલ ગુજરાત સ્ટેટ રાયફલ એસોસીએશનના પદાધિકારીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



ભારતીય સંસ્કૃતિમાં સદભાવના સૌથી અગ્રસ્થાને રહી છે અને તેના કારણે જ તમામ ધર્મ-સંપ્રદાયના નાગરિકો એકબીજાના તહેવાર પ્રસંગ સાથે મળીને ઉજવે છે. ગાંધીનગરના પેથાપુર-જીઈબી વિસ્તારના મુસ્લિમ સેવાભાવી યુવાનો દ્વારા ખેડબ્રહ્માથી અંબાજી રોડ પર પગપાળા જતા પદયાત્રિક શ્રદ્ધાળુઓને ફળફળાદી વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાભાવી યુવાનો દ્વારા ૫૦૦ કિલો સફરજન વિતરણ કરવામાં આવ્યાં હતા.

## શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં Rice-Dal Bucket Drive : અન્ન ઉત્સવનું આયોજન



ગાંધીનગર, તા. ૧૦

અન્નનું દાન એ ભારતીય પરંપરામાં શ્રેષ્ઠ દાન તરીકે ગણવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં રહેલા અન્નદાનના સંસ્કારોને લીધે જ કોરોના જેવી મહામારીમાં ભારતની અંદર સમાજ અને સંગઠનો દ્વારા ભોજન પહોંચાડવામાં આવ્યું હતું. જેના પરિણામ સ્વરૂપે વિશ્વની અંદર અનેક દેશોમાં આર્થિક પાયમાલી થઈ અને ભારત એક વૈશ્વિક સ્વરૂપે ઉભરી આવ્યું. આજની પેઢીમાં દાનનું મહત્વ સમજાય તેમજ જીવનના મૂલ્ય સમજાય તે અર્થે સંસ્થા ખાતે Give & Joy સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે Rice - Dal Buck<sup>a</sup> Drive અન્ન ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક વિદ્યાર્થી પોતાના ઘરેથી પોતે ખાતા હોય સાથે એક માણસનું વધુ તેટલું દાળ અને ચોખા લાવ્યા હતા. "unity in diversity"ની થીમ સાથે આ દાળ અને ચોખાનો ખીચડીનો પ્રસાદ રાંધવામાં આવ્યો હતો. અને આ પ્રસાદ ગાંધીનગરમાં આવેલા ૫૦૦થી વધુ ગરીબ અને જરૂરિયાત મંદોને વહેંચવામાં આવ્યો હતો. આજની આધુનિક જમાનાની આ પેઢીને દાન અને અન્નનું મહત્વ સમજાવવું એ આપણી તેમજ દરેક શૈક્ષણિક સંસ્થાઓની ફરજ બને છે. અને આ જ ફરજના ભાગરૂપે સંસ્થામાં દર વર્ષે "Give & Joy " પ્રસંગનું આયોજન કરવામાં આવે છે. જેથી આપણી ભારતીય સંસ્કૃતિ જળવાઈ રહે. તેમજ દરેક વિદ્યાર્થીના જીવનમાં દાનનું મહત્વ વધે એમ જણાવ્યું છે.

## જલુંદ ગામમાં પોષણમાસ ૨૦૨૨ અંતર્ગત વાનગી સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના જલુંદ ગામ ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા રાષ્ટ્રીય પોષણ માહ અંતર્ગત વાનગી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં ઉત્સાહભેર ૩૦ જેટલી મહિલાઓ સહભાગી બની હતી. ભારત સરકારના કુપોષણ મુક્ત ભારતના સપનાને સાકાર કરવા પોષણ અભિયાન અંતર્ગત પોષણ માહ ૨૦૨૨ની ઉજવણી નિમિત્તે પરંપરાગત વાનગીઓ બનાવી વાનગી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં ખાસ કરીને બાજરીની પૂરી, સરગવાના પાંદડામાંથી બનેલ વાનગી અને જુદા જુદા કઠોળનો ઉપયોગ કરીને સહભાગી થયેલ બહેનોએ વાનગીઓ બનાવી હતી. આ કાર્યક્રમનું આયોજન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાંધેજાના નિષ્ણાંતો ચંદ્રેશભાઈ ગોહિલ, અરવિંદભાઈ પરમાર અને રાધાબેન ચૌધરી અને જલુંદ ગામના પ્રગતિશીલ ખેડૂત વિઠ્ઠલભાઈ પ્રજાપતિ હાજર રહ્યા હતા.

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ મહિલા પાંખ દ્વારા અનંત ચતુર્દશીની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૦

સિ.સિ.કા.ની મહિલા પાંખ દ્વારા ગણેશોત્સવ સંદર્ભે અનંત ચતુર્દશીની ઉજવણી સેક્ટર-૧૬ ખાતે આવેલી અંધજન શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ સ્ટાફમિત્રો સાથે કરવામાં આવી હતી. ગણેશવંદના સાથે પ્રાર્થનાથી શરૂ કરાયેલા કાર્યક્રમમાં પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ-બહેનોએ દેશભક્તિ ગીત, ભજન, ફિલ્મીગીતોની સુંદર કૃતિઓ રજૂ કરીને પોતાના સંગીત કૌશલ્યનો પરિચય કરાવ્યો હતો. ૧૦ જેટલી કૃતિઓ રજૂ કરીને સંગીતસંધ્યાને બેનમૂન બનાવી સૌને ખુશ કરી દીધા હતા. મહિલા પાંખ દ્વારા બાળકોને વેફર્સ, લીંબુ પાણી તેમજ બિસ્કીટનો પ્રસાદ આપી શુભકામનાઓ સહ આશીર્વાદ આપ્યા હતા. મહિલા પાંખના કન્વીનર કુસુમબેન જોષી સહિત તરૂબેન, પ્રતિભાબેન, ચારુબેન તેમજ પ્રતિભાબેનના સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો. સિ.સિ.કા.ના ઉપપ્રમુખ સરોજબેન દેસાઈએ આશીર્વચન સાથે આભારવિધિ કરી હતી. શાળાના સંચાલકો સહિતના સ્ટાફમિત્રોએ આયોજનપૂર્વક સમગ્ર કાર્યક્રમ રજૂ કર્યો હતો. મોહિત તેમજ વિપુલના ઓરકેસ્ટ્રાએ વાતાવરણને સંગીતમય બનાવી અનંત ચતુર્દશીને ચાર ચાંદ લગાવી દીધા હતા.

## દિગંબર જૈન દેરાસર ખાતે શોભાયાત્રા



પ.પૂ.આચાર્યશ્રી ચંદ્રસાગરજી મહારાજ સંસઘના સાનિધ્યમાં શનિવારે શ્રી ૧૦૦૮ મહાવીર સ્વામી દિગંબર જૈન દેરાસર, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે પર્યુષણ પર્વ પૂર્ણ થતાં દિગંબર જૈન તપસ્વીઓ અને ભક્તો દ્વારા ભગવાનની શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

## વરદાયિની ખાદી ગ્રામોદ્યોગ સંઘના સહયોગથી પર્યાવરણ અનુકૂળ જીવનશૈલી તાલીમ કાર્યક્રમ



ગાંધીનગર, તા.૧૦

ગુજરાત ઈકોલોજી કમિશનની સહયોગી સંસ્થાના તાલીમકારો ધ્વારા માર્ગદર્શન તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત તાલીમાર્થીઓને કિટનું વિતરણ કરવામાં આવેલ હતુ. એક દિવસીય આ તાલીમ શિબિરમાં પર્યાવરણ જાગૃતિ માટે બેનર્સ, પોસ્ટર્સ દ્વારા અને ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર વૃક્ષ વાવો વૃક્ષ બચાવો, પાણીનો બચાવ કઈ રીતે કરવો, પ્લાસ્ટિકના કચરાનો યોગ્ય નિકાલ આ ઉપરાંત પર્યાવરણીય પ્રશ્નોની ચર્ચા ગામલોકો સાથે કરી હતી. આ તાલીમ કાર્યક્રમમાં ગામના સરપંચ નરેન્દ્રસિંહ સોલંકી , ગૂજરાત ઈકોલોજી કમિશનના અધિકારી ઊર્વેશભાઈ વ્યાસ, ગ્રામ પંચાયત કમીટી સભ્યો, આંગણવાડી બહેનો મહિલાઓ અને ગામના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## અક્ષરજ્ઞાન વર્ગના બાળકોને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ



દિનપ્રતિદિન શિક્ષણનું મહત્વ વધતું જાય છે અને જેઓ શિક્ષણથી વંચિત છે તેવા ગાંધીનગર સે.૨૩ ના ફૂટપાથ પર ઝુંપડપટ્ટીના જરૂરિયાતમંદ વર્ગના બાળકો માટે સેવાભાવીઓ દ્વારા "અક્ષરજ્ઞાન" વર્ગો ચલાવાય છે. તાજેતરમાં આ વર્ગના બાળકોને ડો. કીર્તિકમલ વાઘેલા તરફથી અભ્યાસ સામગ્રી ભરેલી બેગો આપવામાં આવી હતી.



સેક્ટર-૭-એ પ્લોટ નં. ૩૧૧/૧ના વસાહતી રુદ્ર તેજસ ગાંધી છેલ્લા ૭ વર્ષથી ઈકો ફ્રેન્ડલી ગણપતિજીનું સ્થાપન કરે છે. જેમણે ગઈકાલે પરિવાર સાથે વિસર્જન કર્યુ હતુ. દસ દિવસ ગણપતિજીની પૂજા-અર્ચના કરીને શુક્રવારે આ માટીની ગણપતિજીની મૂર્તિનું વિસર્જન કરી ધન્યતા અનુભવી હતી.

## આજે સે.૩૦માં સરકારી આયુર્વેદિક દવાખાને પીએમજય અને મતદાતા કાર્ડનો કેમ્પ

ગાંધીનગર, તા.૧૦

સેક્ટર-૩૦ના વસાહતીઓ માટે તા.૧૧મી સપ્ટેમ્બર, રવિવારે સેક્ટરના સરકારી આયુર્વેદિક દવાખાને (આર્યુવૈદિક) સવારે ૧૦ થી ૪ કલાક દરમ્યાન મા વાત્સલ્ય કાર્ડ, તથા મા અમૃતમ કાર્ડને નવા પીએમજય આરોગ્ય કાર્ડ પીપીએમમાં તબદીલ કરવાના કેમ્પનું આયોજન કરાવામાં આવ્યું છે. આ માટે લાભાર્થીઓએ તેમના જરૂરી દસ્તાવેજો આધાર કાર્ડ, નવા કાર્ડ માટે આવકનો દાખલો વગેરે સાથે લેતા આવવા જાણાવાયું છે. આ સાથે જો સિનિયર સીટીઝન જેમને પીએમજય કાર્ડ બાકી હોય તો તેમણે અવશ્ય કાર્ડ કઢાવી લેવા ભલામણ કરવામાં આવી છે. આ સાથે મતદાર યાદી સુધારણા કાર્યક્રમનો છેલ્લો દિવસ હોવાથી હજુ કોઈને ચૂંટણી કાર્ડમાં સુધારા-વધારા કરવાના રહી ગયા હોય કે પછી આધાર કાર્ડ લિંક કરવાનું બાકી હોય, નવા નામ એડ કરવાના હોય કે પછી નામ કમી કરવાનું હોય તે પણ સેવા ઉપલબ્ધ બનશે.